सहायक अनुदान नियम संग्रहमां सुधारो
નિયમ ૫૯.૧.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:બમશ-૧૩૮૦-૨૮૪૫૬-ગ,
સચિવાલય, ગાંધીનગર તા.૩-૭-૮૨..

વંચાણે લીધો:-૧: શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક જીએસી-૧૦૭૯-૮૧૦૨૪-ગ,
તા. ૧-૨-૧૯૮૦.

૨: શિક્ષણ વિભાગનો પરિપત્ર ક્રમાંક:બમશ-૧૧૮૦-૫૭૫૭૧-ગ.
તા.૧૭-૯-૮૦.

૩: ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડનો પત્ર ક્રમાંક:અ.સ.પત્ર ક્રમાંક:
મશબ-૫૨૫-૮૦-૮૧-૪-૧૯૦૬૦-૨૮૮૦૧ તા.૧૨-૬-૮૧...

બિન સરકારી માધ્યમિક શાળાના આચાર્ય/આચાર્યની નિમણુંક કરવા અંગેની લાયકાતો ગ્રાંટ ઇન એઇડ કોડમાં હતી તેમાં વિભાગના ઉપરોકત ક્રમાંક-૧ આગળ ઉલ્લેખ કરેલા ઠરાવથી સુધારો કરી, આચાર્ય દ્વિતીય આચાર્યની નિમણુક માટે દસ વર્ષનો શિક્ષક તરીકેનો / શિખવવાનો / તપાસણીનો અનુભવ ઠરાવવામાં આવ્યો હતો. તથા ક્રમાંક:૨ આગળ ઉલ્લેખ કરેલા પરિપત્રથી આ અંગે કેટલીક સ્પષ્ટતા ઓ બહાર પાડવામાં આવી હતી. પરંતુ તે પછી ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડે, ઉપરોકત ક્રમાંક-૩ આગળ ઉલ્લેખ કરેલા પત્રથી આચાર્યની નિમણુંકબાબતમાં પાંચ વર્ષનો અનુભવનો વિનિયમ વ્યાજબી છે તેવી ભલામણ સાથે આ નિયમમાં સુધારો કરવા સરકારશ્રીને દરખાસ્ત કરી હતી. આ દરખાસ્ત ઉપર સરકારશ્રી પુખ્ત વિચારણા ને અંતે નીચે મુજબ ઠરાવે છે.

ઠ રા વ ::

ઉપરોકત સંદર્ભમાં ક્રમાંક-૧ અને ૨ આગળ અનુક્રમે ઉલ્લેખ કરેલા ઠરાવ ક્રમાંક: જીએસી-૧૦૭૯-૮૧૦૨૪-ગ તા.૧-૨-૮૦ તથા પરિપત્ર નં.બમશ-૧૧૮૦-૫૭૫૭૧-ગ, તા.૧૭-૯-૮૦ આથી રદ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી :-અવાચ્ય,
: શ. ન. દવે :
સેકશન અધિકારી શિક્ષણવિભાગ

---

ક્રમાંક:અ-પે-ફિકસ-આપધો-૮૨-૮૩/૫૦૯
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
રાજકોટ તા.૨૮-૭-૮૨.

નકલ જાણ તથા અમલાર્થેરવાના :-
તમામ બિન સરકારી માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓ તરફ.
આ કચેરીની માધ્યમિક શાખા તરફ.
તમામ શિ.નિ.શ્રીઓ તથા મદદ.શિ.નિ.શ્રીઓ.
તથા ગ્રાન્ટ ગણતરી કરનાર કર્મચારીશ્રીઓ

જિલ્લા શિક્ષણાધિકારી,
રાજકોટ.